001. એક પ્રકાશવર્ષ એટલે કેટલું અંતર થાય?

(A) $9.46X10^{15}$ મીટર

(B) $9.46X10^{15}$ કિ.મી

(C) $94.6X10^{15}$ મીટર

(D) $946X10^{15}$ મીટર

જવાબ:- **(A) $9.46X10^{15}$ મીટર**

- $9.46X10^{15}$ મીટરના કિલોમીટર = $9.46X10^{12}$ કિ.મી

002. સામાન્ય મનુષ્યના શરીરમાં ક્યું તત્વ સૌથી વધારે હોય છે?

(A) કાર્બન

(B) હાઈડ્રોજન

(C) ઓક્સિજન

(D) નાઈટ્રોજન

જવાબ:- **(C) ઓક્સિજન**

- સામાન્ય મનુષ્યના શરીરમાં કાર્બન 18% હોય છે.
- સામાન્ય મનુષ્યના શરીરમાં હાઈડ્રોજન 10% હોય છે.
- સામાન્ય મનુષ્યના શરીરમાં નાઈટ્રોજન 3% હોય છે.

003. અંતર માપવા માટેનો સૌથી મોટો એકમ ક્યો છે?

(A) કિલોમીટર

(B) માઈલ

(C) પારસેક

(D) પ્રકાશવર્ષ

જવાબ:- **(C) પારસેક**

- 1 પારસેક= 3.26 પ્રકાશવર્ષ થાય છે.

GK Gujarat.Com

004. માનવ શરીરમાં કુલ હાડકાઓની સંખ્યા કેટલી હોય છે?

(A) 201
(B) 203
(C) 206
(D) 210

જવાબ:- **(C) 206**

005. ભારતીય વન અનુસંધાન અને શિક્ષણ પરિષદ (Indian Council of Forestry Research and Education) ક્યાં આવેલી છે?

(A) દિલ્હી
(B) બેંગાલુરુ
(C) કોઈમ્બતુર
(D) દેહરાદુન

જવાબ:- **(D) દેહરાદુન**

006. એક ગીગા (giga) એટલે 10ની કેટલી ઘાત થાય?

(A) $10^6$
(B) $10^9$
(C) $10^{12}$
(D) $10^{15}$

જવાબ:- **(B) $10^9$**

- $10^6$ = 1 મેગા (mega)
- $10^{12}$ = 1 ટેરા (tera)
- $10^{15}$ = 1 પેટા (peta)

007. કીડીના ડંખમાં ક્યું એસિડ હોય છે?

(A) સાઈટ્રીક એસિડ
(B) મેથેનોઈક એસિડ
(C) લેક્ટિક એસિડ
(D) ઓકઝેલીક એસિડ

જવાબ:- **(B) મેથેનોઈક એસિડ**

- મેથેનોઈક એસિડ એ ફોર્મિક એસિડનું સીસ્ટેમેટીક નામ છે.
- લીંબુ, સંતરા વગેરેમાં **સાઈટ્રીક એસિડ** હોય છે.
- દહીંમાં **લેક્ટીક એસિડ** હોય છે.
- ટામેટામાં **ઓક્ઝેલીક એસિડ** હોય છે.

008. ગુરૂત્વાકર્ષણ પૃથ્વીના ક્યા ભાગ પર સૌથી વધારે હોય છે?

(A) $0^0$ રેખાંશ પર
(B) ધ્રૂવો પર
(C) વિષુવૃત રેખા પર
(D) કર્કવૃત રેખા પર

જવાબ:- **(B) ધ્રૂવો પર**

009. એક પુખ્ત વયના વ્યક્તિના શરીરમાં સરેરાશ લોહી કેટલું હોય છે?

(A) 5થી 6 લીટર
(B) 7 થી 8 લીટર
(C) 9 થી 10 લીટર
(D) 11 થી 12 લીટર

જવાબ:- **(A) 5 થી 6 લીટર**

- મહિલાઓમાં પુરુષોની સરખામણીએ અડધો લીટર લોહી ઓછું હોય છે.

010. ભૌતિક વિજ્ઞાનના પિતા ન્યુટને ઈ.સ.1687માં ગતિના નિયમો એક પુસ્તકમાં બહાર પાડ્યા હતા. એ પુસ્તકનું નામ શું હતું?

(A) ઓરિજિન ઑફ સ્પીશીજ (B) પ્રિંસિપિયા

(C) સિસ્ટેમા નેચુરી (D) જેનેરા પ્લાન્ટેરમ

જવાબ:- **(B) પ્રિંસિપિયા**

- "ઓરિજિન ઑફ સ્પીશીજ" પુસ્તકના લેખક ડાર્વિન છે.
- "સિસ્ટેમા નેચુરી" પુસ્તકના લેખક લીનિયસ છે.
- "જેનેરા પ્લાન્ટેરમ" પુસ્તકના લેખક બેથમ અને હૂકર છે.

011. માનવ શરીરમાં સૌથી મોટા હાડકાનું નામ શું છે?

(A) સ્ટેપ્સ (B) ફીમર

(C) હ્યુમરસ (D) કાર્પલ્સ

જવાબ:- **(B) ફીમર**

- ફીમર એ ઝાંઘ અથવા સાંથળનું હાડકું છે.
- "સ્ટેપ્સ" એ માનવ શરીરનું સૌથી નાનું હાડકું છે.
- "સ્ટેપ્સ" એ કાનનું હાડકું હોય છે.
- હાથના ઉપરના ભાગના હાડકાને "હ્યુમરસ" કહેવામાં આવે છે.
- "કાર્પલ્સ" નામનું હાડકું એ કાંડાનું હાડકુ છે.

GK Gujarat.Com

012. સૂર્યમંડળનો સૌથી બહારનો ગ્રહ ક્યો છે?

(A) બુધ (Mercury)

(B) પ્લૂટો (Pluto)

(C) વરૂણ (Neptune)

D .અરૂણ (Uranus)

જવાબ:- **(C) વરૂણ (Neptune)**

- બુધ સૌરમંડળમાં સૂર્યની સૌથી નજીકનો ગ્રહ છે.
- આંતરરાષ્ટ્રીય ખગોળ સંઘ (International Astronomical Union)એ 24 ઓગષ્ટ 2006થી પ્લુટોની ગ્રહ તરીકેની માન્યતા રદ કરી નાખી છે. અને તેને વામન ગ્રહ (Dwarf Planet) ની કક્ષામાં મૂકવામાં આવ્યો છે.
- આંતરરાષ્ટ્રીય ખગોળ સંઘ (International Astronomical Union)નું વડું મથક પેરિસ, ફ્રાન્સ ખાતે આવેલું છે.

013. વિટામીન Dનું રાસાયણિક નામ શું છે?

(A) કેલ્સીફેરોલ

(B) રેટિનોલ

(C) એસ્કોર્બિક એસિડ

(D) ટોકોફેરોલ

જવાબ:- **(A) કેલ્સીફેરોલ**

- **રેટિનોલ**- વિટામીન Aનું નામ છે.
- **એસ્કોર્બિક એસિડ**- વિટામીન Cનું નામ છે.
- **ટોકોફેરોલ**- વિટામીન Eનું નામ છે.

014. વાતાવરણનું દબાણ માપવા માટે ક્યુ સાધન વપરાય છે?

(A) ક્રોનોમીટર (Chronometer)
(B) બેરોમીટર (Barometer)
(C) ફેથોમીટર (Fathometer)
(D) હાઈગ્રોમીટર (Hygrometer)

જવાબ:- **(B) બેરોમીટર (Barometer)**

- **ક્રોનોમીટર (Chronometer)** – વહાણોમાં ખરા સમયની જાણકારી માટે વપરાય છે.
- **ફેથોમીટર (Fathometer)** – સમુદ્રની ઊંડાઈ માપવા માટે વપરાય છે.
- **હાઈગ્રોમીટર (Hygrometer)** – વાતાવરણમાં રહેલો ભેજ માપવા માટે વપરાય છે.

015. કોષનો અભ્યાસ કરતી વિજ્ઞાનની શાખાને શું કહેવામાં આવે છે?

(A) સાયટોલોજી (Cytology)
(B) ઓંકોલોજી (Oncology)
(C) એટિયોલોજી (Aetiology)
(D) એક્સોબાયોલોજી (Exobiology)

જવાબ:- **(A) સાયટોલોજી (Cytology)**

- **ઓંકોલોજી (Oncology):-** વિજ્ઞાનની આ શાખામાં કેન્સર અને ટ્યુમરનો અભ્યાસ કરવામાં આવે છે.
- **એટિયોલોજી (Aetiology):-** વિજ્ઞાનની આ શાખામાં રોગના કારણોનો અભ્યાસ કરવામાં આવે છે.
- **એક્સોબાયોલોજી (Exobiology):-** વિજ્ઞાનની આ શાખામાં અન્ય ગ્રહો પર જીવનની સંભાવનાનો અભ્યાસ કરવામાં આવે છે.

016. ખાવાના સોડાનું રાસાયણિક નામ શું છે?

(A) સોડિયમ કાર્બોનેટ ($Na_2Co_3$)
(B) સોડિયમ બાયકાર્બોનેટ ($NaHCo_3$)
(C) સોડિયમ હાઈડ્રોક્સાઈડ (NaOh)
(D) સોડિયમ ક્લોરાઈડ (NaCl)

જવાબ:- **(B) સોડિયમ બાયકાર્બોનેટ ($NaCo_3$)**

- સોડિયમ બાયકાર્બોનેટને બેકીંગ સોડા (Baking Soda) પણ કહેવામાં આવે છે.
- **સોડિયમ કાર્બોનેટ ($Na_2Co_3$)** – ધોવાના સોડાનું રાસાયણિક નામ છે.
- સોડિયમ કાર્બોનેટને સોડા એશ, સોડા ક્રિસ્ટલ્સ વગેરે નામોથી પણ ઓળખવામાં આવે છે.
- **સોડિયમ હાઈડ્રોક્સાઈડ (NaOh)** – કોસ્ટીક સોડાનું રાસાયણિક નામ છે.
- **સોડિયમ ક્લોરાઈડ (NaCl)** – મીઠાનું રાસાયણિક નામ છે.

017. બેરોમીટરનો પારો જ્યારે અચાનક નીચે આવવા માંડે ત્યારે નીચેના પૈકી કઈ ઘટના બનવાની શક્યતા હોય છે?

(A) વરસાદની શક્યતા
(B) દિવસ સ્વચ્છ રહેવાની શક્યતા
(C) તોફાન આવવાની શક્યતા
(D) આપેલ પૈકી એક પણ નહીં

જવાબ:- **(C) તોફાન આવવાની શક્યતા**

- બેરોમીટરનો પારો જ્યારે ધીમે ધીમે નીચે આવવા માંડે ત્યારે વરસાદ આવવાની શક્યતા હોય છે.
- બેરોમીટરનો પારો જ્યારે ધીમે ધીમે ઉપર જાય ત્યારે દિવસ સ્વચ્છ રહેવાની શક્યતા હોય છે.

018. લાલ રક્તકણ (Red Blood Corpuscles- RBC)નું નિર્માણ શરીરના ક્યા ભાગમાં થાય છે?

(A) હ્રદય (B) કિડની

(C) મગજ (D) અસ્થિમજ્જા (Born Marrow)

જવાબ:- **(D) અસ્થિમજ્જા (Born Marrow)**

- આપણા શરીરના હાડકાની વચ્ચેના ભાગમાં અસ્થિમજ્જા હોય છે.
- ભૃણ અવસ્થા દરમિયાન યકૃત અને પ્લીહામાં લાલ રક્તકણ બને છે.

019. અલ્ટ્રાસોનિક તરંગોની તરંગ આવૃતી કેટલી હોય છે?

(A) 20Hzથી 20000Hz (B) 20000Hzથી વધારે

(C) 20Hzથી નીચે (D) આપેલ પૈકી એક પણ નહીં

જવાબ:- **(B) 20000Hzથી વધારે**

- 20Hzથી 20000Hz સુધીની તરંગ આવૃતિ વાળા તરંગોને શ્રાવ્ય તરંગો કહેવાય છે.
- 20Hzથી નીચેની તરંગ આવૃતિ વાળા તરંગોને ઈન્ફ્રાસોનિક તરંગો કહેવાય છે.

020. અત્યાર સુધીમાં જ્ઞાત પદાર્થોમાં વિશ્વનો સૌથી કઠોર પદાર્થ છે?

(A) હિરો (B) બોરોન

(C) સીલીકોન (D) ક્રોમીયમ

જવાબ:- **(A) હિરો**

021. પરમ શૂન્ય (Absolute Zero) એ તાપમાનની કઈ સ્થિતિ દર્શાવે છે?

(A) વધારેમાં વધારે તાપમાન
(B) શૂન્ય તાપમાન
(C) ઓછામાં ઓછું તાપમાન
(D) આપેલ પૈકી એક પણ નહીં

જવાબ:- **(C) ઓછામાં ઓછું તાપમાન**

- કોઈ પણ પદાર્થનું તાપમાન વધારેમાં વધારે ગમે તેટલું હોઈ શકે, પરંતુ ઓછામાં ઓછું -273$^0$ સે. થઈ શકે. તેનાથી ઓછું કરી શકાય નહી.
- તાપમાનની આ સ્થિતિને પરમ શૂન્ય કહેવામાં આવે છે.

022. આનુવંશિકતાના પિતા (Father of Genetics) તરીકે કોણ ઓળખાય છે?

(A) ડાર્વિન
(B) ગ્રેગર જ્હોન મેંડલ
(C) ફંક
(D) કાર્લ લેંડસ્ટીનર

જવાબ:- **(B) ગ્રેગર જ્હોન મેંડલ**

- **ડાર્વિન:-** ઉત્ક્રાંતિવાદના પિતા છે.
- **ફંક:-** વિટામીનના શોધક છે.
- **કાર્લ લેંડસ્ટીનર:-** રક્ત સમૂહ (Blood Group)ના શોધક છે.

023. સૂર્યના કિરણોને પૃથ્વીની સપાટી સુધી પહોંચતા કેટલો સમય લાગે છે?

(A) 6 મીનીટ 12 સેકન્ડ
(B) 7 મીનીટ 20 સેકન્ડ
(C) 8 મીનીટ 19 સેકન્ડ
(D) 9 મીનીટ 32 સેકન્ડ

જવાબ:- **(C) 8 મીનીટ 19 સેકન્ડ**

- ચન્દ્ર દ્વારા પરાવર્તિત પ્રકાશ પૃથ્વી પર 1 મીનીટ અને 28 સેકન્ડમાં પહોચે છે.

024. બિલાડીનું વૈજ્ઞાનિક નામ શું છે?

(A) ફેલીસ કેટસ (Felis Catus)
(B) કેનિસ ફેમીલીયારીસ (Canis Familiaris)
(C) પેન્થેરા ટાઈગ્રીસ (Panthera Tigris)
(D) પેન્થેરા લીઓ (Panthera Leo)

જવાબ:- **(A) ફેલીસ કેટસ (Felis Catus)**

- કેનિસ ફેમીલીયારીસ (Canis Familiaris) એ કૂતરાનું વૈજ્ઞાનિક નામ છે.
- પેન્થેરા ટાઈગ્રીસ (Panthera Tigris) એ વાઘનું વૈજ્ઞાનિક નામ છે.
- પેન્થેરા લીઓ (Panthera Leo) એ સિંહનું વૈજ્ઞાનિક નામ છે.

025. કોલસાના પ્રકારો પૈકી સૌથી ઉચ્ચ કોટિનો કોલસો ક્યો છે?

(A) પીટ કોલસો
(B) લિગ્નાઈટ કોલસો
(C) બિટુમિનસ કોલસો
(D) એન્થ્રેસાઈટ કોલસો

જવાબ:- **(D) એન્થ્રેસાઈટ કોલસો**

- કોલસાના પ્રકારોમાં જે કોલસામાં કાર્બનનું પ્રમાણ વધારે હોય તેમ તે ઉચ્ચ કોટિનો કોલસો ગણાય છે.
- એન્થ્રેસાઈટ કોલસામાં 85% કરતાં વધારે પ્રમાણમાં કાર્બન હોવાથી તે ઉચ્ચ કોટિનો કોલસો કહેવાય છે.
- પીટ કોલસમાં કાર્બનનું પ્રમાણ 50થી 60% જેટલું હોય છે. આ કોલસો નિમ્ન કક્ષાનો કોલસો કહેવાય છે.
- લિગ્નાઈટ કોલસામાં 65થી 70% કાર્બનનું પ્રમાણ હોય છે.

- બિટુમિનસ કોલસામાં 70થી 85% કાર્બનનું પ્રમાણ હોય છે.

026. આકાશનો રંગ વાદળી દેખાવા પાછળ કઈ ઘટના જવાબદાર છે?

(A) પ્રકાશનું પ્રકીર્ણન (Scattering of Light)

(B) પ્રકાશનું પરાવર્તન (Reflection of Light)

(C) પ્રકાશનું પ્રત્યાવર્તન (Refraction of Light)

(D) આપેલ પૈકી એક પણ નહીં

જવાબ:- **(A) પ્રકાશનું પ્રકીર્ણન (Scattering of Light)**

- **પ્રકાશનું પ્રકીર્ણન (Scattering of Light):-** પ્રકાશના પસાર થવાના માધ્યમમાં ધૂળ અને અન્ય પદાર્થોના અત્યંત સુક્ષ્મ કણો આવેલા હોય છે. તેના કારણે પ્રકાશ બધી દિશાઓમાં પ્રસરી જાય છે. જેને પ્રકાશનું પ્રકિર્ણન કહેવામાં આવે છે.
- જાંબલી રંગના પ્રકાશનું પ્રકિર્ણન સૌથી વધારે થાય છે. જ્યારે લાલ રંગના પ્રકાશનું પ્રકિર્ણન સૌથી ઓછું થાય છે.

027. આકાશમાં દેખાતા તારાઓ ટમકતા દેખાવા પાછળ નીચેના પૈકી કઈ ઘટના જવાબદાર છે?

(A) પ્રકાશનું પ્રકીર્ણન (Scattering of Light)

(B) પ્રકાશનું પરાવર્તન (Reflection of Light)

(C) પ્રકાશનું પ્રત્યાવર્તન (Refraction of Light)

(D) આપેલ પૈકી એક પણ નહીં

જવાબ:- **(C) પ્રકાશનું પ્રત્યાવર્તન (Refraction of Light)**

GK Gujarat.Com

**પ્રકાશનું પ્રત્યાવર્તન (Refraction of Light):-**

- જ્યારે પ્રકાશના કિરણો એક પારદર્શક માધ્યમમાંથી બીજા પારદર્શક માધ્યમમાં પ્રવેશ કરે ત્યારે બન્નેરૂ માધ્યમ સમતલ હોવાના બદલે થોડા ત્રાસા હોય તો પ્રકાશના કિરણો તેમની મૂળ દિશામાંથી થોડા વિચલિત થઈ જાય છે. આ ઘટનાને પ્રકાશનું પ્રત્યાવર્તન કહેવામાં આવે છે.
- પ્રકાશના પ્રત્યાવર્તનના કારણે સૂરયોદય પહેલા અને સુર્યાસ્ત પછી પણ સૂર્ય થોડા સમય માટે દેખાય છે.
- પ્રકાશના પ્રત્યાવર્તનના કારણે પાણીની અંદર રહેલી વસ્તુ તેની મૂળ સ્થિતિ કરતાં થોડી ઉપસેલી અથવા ઉપર દેખાય છે. પાણીની અંદર લાકડી નાખતાં તે પાણીની સપાટી પછી થોડી ત્રાસી હોય તેવું લાગે છે.

028. વાતાવરણમાં રહેલા નાઈટ્રોજનનું જમીનમાં સ્થિરીકરણ નીચેના પૈકી કોના દ્વારા કરવામાં આવે છે?

(A) એજોટોબેક્ટર-બેક્ટેરીયા (Azotobacter) (B) રસ્ટ-ફુગ

(C) બેક્ટેરીયોજ-વાઈરસ (D) આપેલ પૈકી એક પણ નહીં

જવાબ:- **(A) એજોટોબેક્ટર-બેક્ટેરીયા (Azotobacter)**

029. લઘુ દ્રષ્ટિદોષ (Myopia)ની ખામી વાળી વ્યક્તિ કઈ વસ્તુઓ સ્પષ્ટ જોઈ શકતી નથી?

(A) નજીક રહેલી વસ્તુઓ (B) દુર રહેલી વસ્તુઓ

(C) ઓછા પ્રકાશમાં જોવામાં તકલીફ (D) આમાનું એક પણ નહીં

જવાબ:- **(B) દુર રહેલી વસ્તુઓ**

- લઘુ દ્રષ્ટિદોષ નિવારવા માટે અંતર્ગોળ કાચના ચશ્મા પહેરવામાં આવે છે.
- નજીક રહેલી વસ્તુઓ નહી જોઈ શકવાની ખામીને ગુરૂ દ્રષ્ટિદોષ કહેવામાં આવે છે.
- ગુરૂ દ્રષ્ટિદોષના નિવારણ માટે બહિર્ગોળ કાચના ચશ્મા પહેરવામાં આવે છે.

030. નીચેના પૈકી ક્યુ વિદ્યુતનું સૌથી સારું સુવાહક (Conductor) છે?

(A) એલ્યુમીનિયમ (B) ટંગસ્ટન

(C) તાંબુ (D) ચાંદી

જવાબ:- **(D) ચાંદી**

- વિકલ્પોમાં આપવામાં આવેલ ધાતુઓનો વિદ્યુતની સુવાહકતાની દ્રષ્ટિએ ઉતરતો ક્રમ આ મુજબ છે.

  ચાંદી > તાંબુ > એલ્યુમિનિયમ > ટંગસ્ટન

031. વિદ્યુત પ્રવાહને એમ્પીયરમાં માપવા માટે ક્યુ સાધન વપરાય છે?

(A) એમીટર (Ammeter) (B) એક્યુમ્યુલેટર (Accumulator)

(C) ગાયરોસ્કોપ (Gyroscope) (D) મેનોમીટર (Manometer)

જવાબ:- **(A) એમીટર (Ammeter)**

- **એક્યુમ્યુલેટર (Accumulator):-** વિદ્યુત ઊર્જાનો સંગ્રહ કરવા માટે એક્યુમ્યુલેટરનો ઉપયોગ થાય છે.
- **ગાયરોસ્કોપ (Gyroscope):-** ફરતી વસ્તુઓની ઝડપ જાણવા માટે ગાયરોસ્કોપનો ઉપયોગ કરવામાં આવે છે.

- **મેનોમીટર (Manometer):-** હવાનું દબાણ જાણવા માટે મેનોમીટર વપરાય છે.

032. શરીરમાં લોહ તત્વની ઉણપથી ક્યો રોગ થાય છે?

(A) સાઈડ્રોસીસ (B) એનીમિયા

(C) વિલ્સન (D) હીમોફીલિયા

જવાબ:- **(B) એનીમિયા**

- શરીરમાં વધારે પ્રમાણમાં લોહ તત્વ હોય તો સાઈડ્રોસીસ નામનો રોગ થાય છે.
- તાંબાનું પ્રમાણ શરીરમાં વધી જવાથી વિલ્સન નામનો રોગ થાય છે.
- શરીરની અંદર ઘા લાગે અને જો તેમાંથી રક્ત સ્ત્રાવ થાય તો લોહી ગંઠાવુ જરૂરી છે. પરંતુ હીમોફીલિયા રોગના દર્દીઓને લોહી ગંઠાતું નથી.
- હીમોફીલિયા એ એક આનુવંશિક રોગ છે.
- હીમોફીલિયા પુરૂષોને જ થાય છે.

033. બ્રહ્માંડ સંબંધી અભ્યાસ કરતી વિજ્ઞાનની શાખાને શું કહેવામા આવે છે?

(A) એસ્ટ્રોલોજી (Astrology) (B) કોસ્મોલોજી (Cosmology)

(C) એસ્ટ્રોનોમી (Astronomy) (D) એન્થ્રોપોલોજી (Anthropology)

જવાબ:- **(B) કોસ્મોલોજી (Cosmology)**

- **એસ્ટ્રોલોજી (Astrology):-** જ્યોતિષશાસ્ત્રને એસ્ટ્રોલોજી કહેવામાં આવે છે.
- **એસ્ટ્રોનોમી (Astronomy):-** ખગોળીય પિંડોનો અભ્યાસ કરતી વિજ્ઞાનની શાખાને એસ્ટ્રોનોમી કહેવામાં આવે છે.

- **એન્થ્રોપોલોજી (Anthropology):-** માનવ વિકાસ, રીત-રિવાજરિવાજ, પરંપરા વગેરેનો અભ્યાસ કરતી વિજ્ઞાનની શાખાને એન્થ્રોપોલોજી કહેવામાં આવે છે.

034. જીવ વિજ્ઞાનના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?

(A) લેવોયસીયર (B) એરિસ્ટોટલ

(C) ડાર્વિન (D) ગ્રેગર જ્હોન મેંડલ

જવાબ:- **(B) એરિસ્ટોટલ**

- **લેવોયસીયર:-** રસાયણ વિજ્ઞાનના પિતા છે.
- **ડાર્વિન:-** ઉત્ક્રાંતિવાદના પિતા છે.
- **ગ્રેગર જ્હોન મેંડલ:-** આનુવંશિકતાના પિતા છે.

035. આપણી મંદાકિની આકાશગંગા (દુગ્ધમેખલા-MilkyWay)ની સૌથી નજીકની મંદાકિની (Galaxy) કઈ છે?

(A) દ્વાર્ફ (B) ઓરિયન નેબ્યુલા

(C) દેવયાની (D) આમાનું એક પણ નહીં

જવાબ:- **(C) દેવયાની**

- **દ્વાર્ફ :–** સૌથી નવી શોધાયેલ મંદાકિની
- **ઓરિયન નેબ્યુલા :–** સૌથી શીતલ અને ચમકદાર તારાઓનો સમૂહ છે. આ સમૂહ આપણી આકાશગંગામાં આવેલો છે.

036. ઉંદર મારવાની દવામાં ક્યું મિશ્રણ વપરાય છે?

(A) જિંક ફોસ્ફાઈડ (B) જિંક ક્લોરાઈડ

(C) સિલ્વર ક્લોરાઈડ (D) પોટેશીયમ સાઈનાઈટ

જવાબ:- **(A) જિંક ફોસ્ફાઈડ**

- **જિંક ક્લોરાઈડ:-** લાકડાની વસ્તુઓને ઉધઈથી બચાવવા માટે જિંક ક્લોરાઈડનો ઉપયોગ થાય છે.
- **સિલ્વર ક્લોરાઈડ:-** સિલ્વર ક્લોરાઈડને હોર્ન સિલ્વર પણ કહેવામાં આવે છે. તેનો ઉપયોગ ફોટોક્રોમેટિક કાચ બનાવવા માટે થાય છે.

037. આપણી મંદાકિની આકાશગંગા (દુગ્ધમેખલા-Milkyway)માં આવેલા તારામંડળો (Constellations)માં સૌથી મોટું તારામંડળ ક્યું છે?

(A) બૃહદ સપ્તર્ષિ (Ursha Major) (B) સિગ્નસ (Cygnus)

(C) હાઈડ્રા (D) સેન્ટોરસ

જવાબ:- **(D) સેન્ટોરસ**

038. સૂર્ય બાદ પૃથ્વીનો સૌથી નજીકનો તારો ક્યો છે?

(A) સાઈરસ (ડોગ સ્ટાર) (B) પ્રોજિમા સેન્ટોરી

(C) હેલી (D) ફોર વેસ્ટા

જવાબ:- **(B) પ્રોજિમા સેન્ટોરી**

- **સાઈરસ**
    - સૂર્યથી બમણું દ્રવ્યમાન ધરાવે છે.
    - આ તારો પૃથ્વીથી 9 પ્રકાશવર્ષ દૂર આવેલો છે.
    - રાત્રે સૌથી ચમકદાર દેખાતો તારો છે.
- **હેલી**
    - આ એક ધૂમકેતુ છે.
    - તે દર 76 વર્ષે દેખાય છે.
    - આ ધૂમકેતુ વર્ષ 1986માં દેખાયો હતો. હવે 2062માં દેખાશે.
- **ફોર વેસ્ટા**
    - આ એક ક્ષૂદ્ર ગ્રહ છે.
    - આ નરી આંખે જોઈ શકાતો એક માત્ર ક્ષૂદ્ર ગ્રહ છે.

039. ઉડી રહેલા વિમાનની ઊંચાઈ માપવા માટે નીચેના પૈકી ક્યુ સાધન વપરાય છે?

(A) ફેથોમીટર (Fathometer)

(B) બેરોગ્રાફ (Barograph)

(C) ક્રોનોમીટર (Chronometer)

(D) અલ્ટીમીટર (Altimeter)

જવાબ:- **(D) અલ્ટીમીટર (Altimeter)**

- ફેથોમીટર સમુદ્રની ઊંડાઈ માપવા માટે વપરાય છે.
- બેરોગ્રાફ હવામાનના દબાણનું પરિવર્તન જાણવા માટે વપરાય છે.
- ક્રોનોમીટર વહાણોમાં સમયની જાણકારી મેળવવા માટે વપરાય છે.

040. કૃત્રિમ વરસાદ કરવા માટે ક્યા મિશ્રણનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) સિલ્વર નાઈટ્રેટ
(B) સિલ્વર બ્રોમાઈડ
(C) સિલ્વર આયોડાઈડ
(D) સિલ્વર ક્લોરાઈડ

જવાબ:- **(C) સિલ્વર આયોડાઈડ**

- સિલ્વર નાઈટ્રેટ હાથ પર નિશાન કરવાની શ્યાહી (અવીલોપ્ય શ્યાહી) બનાવવા માટે ઉપયોગી છે.
- સિલ્વર બ્રોમાઈડનો ઉપયોગ ફોટોગ્રાફીમાં થાય છે.
- સિલ્વર ક્લોરાઈડને હોર્ન સિલ્વર પણ કહેવામાં આવે છે. તેનો ઉપયોગ ફોટોક્રોમેટિક કાચ બનાવવા માટે થાય છે.

041. વિમાનો અને જહાજોની ઝડપ માપવા માટે ક્યુ સાધન વપરાય છે?

(A) ગ્રેવીમીટર (Gravimeter)
(B) ઓડોમીટર (Odometer)
(C) ટેકોમીટર (Tachometer)
(D) મેનોમીટર (Manometer)

જવાબ:- **(C) ટેકોમીટર (Tachometer)**

- ગ્રેવીમીટરનો ઉપયોગ પાણીની સપાટી પર તેલની હાજરી જાણવા માટે થાય છે.
- પૈડાવાળી ગાડી દ્વારા કાપેલ અંતરની જાણકારી મેળવવા માટે ઓડોમીટરનો ઉપયોગ થાય છે.
- મેનોમીટર (Manometer)થી પ્રવાહી અથવા હવા દ્વારા સપાટી પર કરવામાં આવતું દબાણ માપવામાં આવે છે. દાત. ગાડીઓમાં હવા ભરવાના મશીન પર તે લગાવેલું હોય છે.

042. બેક્ટેરીયાનો નાશ કરવા માટે નીચેના પૈકી ક્યા કિરણોનો ઉપયોગ થાય છે?

(A) પારજાંબલી કિરણો (Ultra Violate Rays)

(B)એક્સરે (X-Rays)

(C) રેડીયો કિરણો (Radio Waves)

(D) ઈન્ફ્રા-રેડ કિરણ (Infra-red Rays)

જવાબ:- **(A) પારજાંબલી કિરણો (Ultra Violate Rays)**

043. ભારતમાં યુરેનિયમનું સૌથી વધારે ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે?

(A) મધ્યપ્રદેશ (B) ઝારખંડ

(C) ઓડિશા (D) કર્ણાટક

જવાબ:- **(B) ઝારખંડ**

**ઝારખંડ**

- કોલસો અને યુરેનિયમના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.
- લોહ અયસ્કનાં ઉત્પાદનમાં બીજું સ્થાન ધરાવે છે.
- તાંબાના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં ત્રીજું સ્થાન ધરાવે છે.

- **મધ્ય પ્રદેશ** સમગ્ર દેશમાં તાંબાના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે.
- **ઓડિશા** સમગ્ર દેશમાં બોક્સાઈટના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે.
- **કર્ણાટક** સોનાના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

044. મનુષ્યને દમ (Asthma)રોગ થવા માટે ક્યું કારક જવાબદાર છે?

(A) ફુગ (Fungus) (B) વાઈરસ

(C) બેક્ટેરીયા (D) આમાનું એક પણ નહીં

જવાબ:- **(A) ફુગ (Fungus)**

045. આપણા શરીરના અગ્રાશય (Pancreas)માં ઉત્પન્ન થતું ઈન્સ્યુલીન શું છે?

(A) એસિડ (અમ્લ) (B) બેઈઝ (ક્ષાર)

(C) એન્જાઈમ (D) હોર્મોન

જવાબ:- **(D) હોર્મોન**

- આપણા શરીરનું અગ્રાશય (Pancreas) જો ઈન્સ્યુલીન બનાવવાનું બંધ કરી દે તો ડાયાબીટીસ (મધુ પ્રમેહ) નામનો રોગ થાય છે.

046. ધ્વનીની તીવ્રતા માપવાનો વ્યવહારું એકમ ક્યો છે?

(A) બાર (Bar) (B) ડેસીબલ (db)

(C) જૂલ (D) એમ્પિયર

જવાબ:- **(B) ડેસીબલ (db)**

- **બાર** વાતવરણનું દબાણ માપવા માટેનો એકમ છે.
- **જૂલ** કાર્યનો એકમ છે.
- **એમ્પિયર** વિદ્યુત પ્રવાહનો એકમ છે.

047. શરીરમાં પડેલા ઘાનું લોહી જામી જવાની ઘટના માટે અતિ મહત્વનું પ્રોટિન ક્યું છે?

(A) ફાઈબ્રિનોજન (B) હિપેરીન (Heparin)

(C) કેસીનોજેન (D) ગ્લોબીન (Globin)

જવાબ:- **(A) ફાઈબ્રિનોજન**

- ફાઈબ્રિનોજન પ્રોટીન આપણા શરીરમાં રહેલ યકૃતમાં બને છે.
- હિપેરીન નામનું પ્રોટીન પણ યકૃતમાં બને છે. આ પ્રોટીન આપણા શરીરમાં વહેતા લોહીને જામી જતુ રોકે છે.
- કેસીનોજેન નામનું પ્રોટીન દૂધમાં ઓગળેલું હોય છે.
- ગ્લોબીન નામનું પ્રોટીન આપણા શરીરમાં આવેલા લાલ રક્તકણોમાં હોય છે.

048. કોમ્પ્યુટરની શોધ કોણે કરી હતી?

(A) જેમ્સ વોટ (B) ચાર્લ્સ બેવેજ

(C) ગ્રેહામ બેલ (D) થોમ્સ આલ્વા એડીસન

જવાબ:- **(B) ચાર્લ્સ બેવેજ**

- ચાર્લ્સ બેવેજ બ્રિટનના વતની હતા.
- **જેમ્સ વોટ**
  - વરાળયંત્રની શોધ કરી હતી.
  - તેઓ સ્કોટલેન્ડના વતની હતા.
- **ગ્રેહામ બેલ**
  - ટેલિફોનની શોધ કરી હતી.
  - તેઓ USAના વતની હતા.

GK Gujarat.Com

- **થોમ્સ આલ્વા એડીસન**
  - ગ્રામોફોનની શોધ તેમજ અન્ય ઘણી શોધો કરી હતી.
  - તેઓ USAના વતની હતા.

049. પ્રખ્યાત વિસ્ફોટક R.(D)X.નું પૂરું નામ શું છે?

(A) Regular Designed Explosive

(B) Rough Developed Explosive

(C) Research Development Explosive

(D) Risky & Dangerous Explosive

જવાબ:- **(C) Research Development**

050. રંગ અંધત્વ (Colour Blindness)થી પિડાતી વ્યક્તિ ક્યા રંગો ઓળખી શકતી નથી?

(A) કાળો અને સફેદ

(B) લાલ અને લીલો

(C) પીળો અને વાદળી

(D) તમામ રંગો

જવાબ:- **(B) લાલ અને લીલો**

**-:: All the Best::-**

**સામાન્ય વિજ્ઞાન પ્રશ્ન 1થી 100ની સંપૂર્ણ PDF મેળવવા માટે GK Gujarat https://www.youtube.com/@GKGujarat.Com1 યુટ્યુબ ચેનલ પર જઈ General Science Part-2ના વિડીયોની ડિસ્ક્રીપ્શનમાં આપેલ લીંક પર ક્લિક કરો અથવા www.gkgujarat.com વેબસાઈટની મુલાકાત લો.**